વિધાનસભામાં ઓબીસી ધારાસભ્યોની સંખ્યા વધી

ચૂંટાયેલા ઓબીસી ધારાસભ્યો વધીને ૬૨ થયા : પાટીદાર ધારાસભ્યોની સંખ્યા ૪૫ થઇ : ઠાકોર જ્ઞાતિના ૧૬ ધારાસભ્યો ચૂંટાયા

ગાંધીનગર,તા. ૨૦

વર્ષ ૨૦૧૭માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. ગૃહમાં ઓબીસી સંખ્યામાં નોંધપાત્ર રીતે વધારો થયો છે. ગૃહમાં સંખ્યા વધવા માટે કેટલાક કારણો રહેલા છે. જાતિ લાઈનની વાત કરવામાં આવે તો સ્થિતી જુદી રીતે તરી આવે છે. જાતિ આધારિત આંદોલનના કારણે મતદાનમા પણ તેની ભૂમિકા રહી છે. એસસી-એસટી અને ઓબીસી દ્વારા હાલમાં જ જુદા જુદા મુદ્દાને લઈને આંદોલન કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં મતદારોએ ઓબીસી ધારાસભ્યોની પસંદગી વધારે કરી છે. બન્ને પાર્ટીઓમાંથી ૬૨ને ચૂંટી કાઢવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨ની તુલનામાં ત્રણ ધારાસભ્યો વધારે છે. પાટીદારના કેસમાં લેઉઆ અને કડવા બન્નેમાંથી ૪૫ ધારાસભ્યોને ચૂંટી કાઢવામાં આવ્યા છે. કોંગ્રેસ પાર્ટીનુ સંખ્યાબળ જે વર્ષ ૨૦૧૨માં હતુ તેની સામે બે ઓછા છે. ઓબીસી ધારાસભ્યોની વાત કરવામાં આવે તો ૧૬ ઠાકોર અને ૧૪ કોલીના હોય છે.

ઓબીસી બ્રેક અપની વાત કરવામાં આવે તો ઠાકોરમાં ૧૬, ચૌધરીના ત્રણ, અહીરના છ, કોલીના પાંચ, કોલી પટેલના ૧૪ અને અન્યોના ૧૮નો સમાવેશ થાય છે. જ્યારે જુદા જુદા ધર્મના સભ્યોની વાત કરવામાં આવે તો હિન્દુ ધારાસભ્યો ૧૭૩ રહ્યા છે. જૈનના ત્રણ, મુસ્લિમના ત્રણ, ખિસ્તીના એક સભ્ય છે. પાર્ટીની સાથે પાટીદાર રહે તે માટે ભાજપે કેટલીક ખાતરી કરવાના પ્રયાસ હાથ ધર્યા છે. કુલ પાટીદાર નોમિનેસન કોઇ ફેરફાર થયા નથી. પાર્ટીએ ૫૨ પાટીદારોને મેદાનમાં ઉતાર્યા હતા. વર્ષ ૨૦૧૨માં પણ ૫૨ પાટીદારોને મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૨માં કોંગ્રેસે ૫૭ ઓબીસીને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ ૨૦૧૭માં ૬૫ને મેદાનમાં ઉતાર્યા હતા.

કઇ જ્ઞાતિના કેટલા

જ્ઞાતિ	ધારાસભ્ય
પાટીદાર કડવા	૧૯
પાટીદાર લેઉવા	૨૬
બ્રાહ્મણ	૦૮
જૈન	૦૩
મુસ્લિમો	૦૩
રાજપૂત ક્ષત્રિય	૧૫
એસસી	૧૩
એસટી	૨૭
અન્યો	૦૬
કુલ ઓબીસી	૬૨

ઓબીસી બ્રેકઅપ..

ઠાકોર	૧૬
ચૌધરી	૦૩
આહિર	૦૬
કોળી	૦૫
કોળી પટેલ	૧૪
અન્યો	૧૮

પાર્ટનરને ધરમ કરતા ધાડ પડી

અપહરણ કરીને ખેતરમાં લઈ જઈ પાર્ટનરના હાથ-પગ ભાંગી નાંખ્યા

રીસામણી પત્નિને પાર્ટનરની પત્નિએ ઘરે આસરો આપ્યો ને આડા સંબંધ પાર્ટનર સાથે હોવાનો વ્હેમ બંધાયો : અપહરણ, લુંટ અને જાનથી મારી નાંખવાની ધમકી મામલે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં એક વિચિત્ર ફરિયાદ નોંધાવા પામી છે. જેમાં બિઝનેસ પાર્ટનરને ધરમ કરતા ધાડ પડી હોવાનું તેની ફરીયાદ પરથી લાગી રહ્યું છે. પાર્ટનરે તેના બીજા પાર્ટનરની પત્નિ રીસામણી થઈ હતી ત્યારે તેણીને પોતાના ઘરે આશરો આપ્યો હતો કેમ કે બંને પાર્ટનરની પત્નિઓ પણ મિત્ર હતી. આ સંજોગો બાદ આડા સંબંધોની શંકા રાખી પાર્ટનરનું કુડાસણ નજીકથી ગાડીમાં અપહરણ કરી ઢોર માર મારીને લુંટ ચલાવી ખેતરમાં ફેંકીને ફરાર થઈ ગયો હોવાની ફરીયાદ નોંધાવા પામી છે. પાર્ટનર સહિત છ સખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કુડાસણ રાધે ફ્લેટ ખાતે રહેતા ચેતનભાઈ ભરતભાઈ મેવાડા તથા બોરીજના ભરતસિંહ વાઘેલા અને તેમના દિકરા ઈન્દ્રજીતસિંહ વાઘેલા વચ્ચે ધંધાકીય સંબંધો હતા. મજરા પાસે પાર્ટનરસીપમાં હોટલ પણ કરી હતી પરંતુ ફાવટ ન આવતા પછીથી ભાગીદારી છુટી કરી હતી. દરમ્યાનમાં બંને પરિવારો વચ્ચે ઘર જેવા સંબંધ થયા હતા. ઈન્દ્રજીતસિંહની પત્નિ અને ચેતન મેવાડાની પત્નિ (બંને પાર્ટનરોની પત્નિ) વચ્ચે પણ સારી મિત્રતા બંધાઈ ગઈ હતી. દરમ્યાન થોડા મહિનાઓ અગાઉ ઈન્દ્રજીતસિંહ પત્નિની હયાતી હોવા છતા ઘરે બીજા લગ્ન કરી બીજી પત્નિ લઈ આવતા પહેલી પત્નિ રીસામણી થઈ હતી. ત્યાંથી ચેતન મેવાડાના ઘરે તેણીની મિત્ર (ચેતનની પત્નિ) સાથે રોકાવા આવી ગઈ હતી. અઢી-ત્રણ મહિના તે આ ઘરે રહી હતી. નવરાત્રી દરમ્યાન તેણીના પતિ ઈન્દ્રજીતસિંહ અને સસરા ઘરે આવીને સમજાવીને લઈ ગયા હતા. ત્યારથી ઈન્દ્રજીતસિંહે અને ચેતનભાઈ વચ્ચે મનદુઃખ થઈ ગયુ હતુ. ઈન્દ્રજીતસિંહએ આડા સંબંધના વ્હેમ રાખીને ૧૮ ડિસેમ્બરે મોડી સાંજે અન્ય પાંચ મિત્રો સાથે કુડાસણ ગાડી લઈને પહોંચી સાર્થક મોલ સામેથી ચેતન મેવાડાનું અપહરણ કરી લીધુ હતુ. ખુલ્લા ખેતરમાં લઈ જઈ બંને હાથે પગે ધોકા મારી ફ્રેક્ચર કરી નાંખી, મોબાઈલ તોડી નાંખી, ખિસ્સામાંથી પર્સ લુંટી લઈ ગાંધીનગર છોડીને મુંબઈ જતો રહે નહીંતર જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ભાગી ગયા હોવાની ફરીયાદ સે. ૭ પોલીસમથકે નોંધાવા પામી છે. આ મામલે પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ તટસ્થ તપાસ શરૂ કરી છે.

સમર્પણ ધ્યાન શિબિરના પ્રારંભ અને સમાપને બીપી-ડાયાબીટીસની નિઃશુલ્ક તપાસ કરાશે

ગાંધીનગરના સેકટર-૧માં ગાયત્રી મંદિરના હોલ ખાતે તા. ૨૨મીથી ૨૯મી ડિસેમ્બર દરમિયાન દરરોજ સાંજે ૭ થી ૯ કલાકે નિઃશુલ્ક સમર્પણ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરના પ્રારંભે તા. ૨૨મી ડિસેમ્બરના રોજ આજ સ્થળે સવારે ૭.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન શિબિરાર્થીઓ પૈકી બ્લડપ્રેશર અને ડાયાબીટીશના દર્દીઓની વિના મુલ્યે તપાસ કરવામાં આવનાર છે. આ ઉપરાંત શિબિરના સમાપન બાદ તા. ૩૦મી ડિસેમ્બરે ફરીથી સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન તપાસ કરાશે.

ગાંધીનગર સેકટર-૨૨ સ્થિત સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા સમર્પણ ધ્યાન શિબિરના પ્રારંભે અને સમાપન બાદ બીપી અને ડાયાબીટીશના નિઃશુલ્ક ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના શક્તિસિંહ અને ભાજપના શંકર ચૌધરી વિધાનસભા લડી શકે છે

જો કે તેઓએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સુધી રાહ જોવી પડશે, કેમ કે બન્ને પાર્ટી ધારાસભ્યને લોકસભા લડાવી શકે છે તેથી બેઠક ખાલી થઈ શકે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી હારી ચૂકેલા કોંગ્રેસના બે સિનિયર નેતાઓ ૨૦૧૯માં વિધાનસભાની ચૂંટણી લડી શકે તેમ છે, કારણ કે કોંગ્રેસનું હાઈકમાન્ડ વિધાનસભાની ચૂંટણીમાં જંગી લીડથી જીતેલા ઉમેદવારોને ૨૦૧૯માં લોકસભાના ઉમેદવાર બનાવી શકે છે.

કોંગ્રેસનું હાઈકમાન્ડ નક્કી કરે કે ચૂંટાયેલા ધારાસભ્યો પૈકી કેટલાક સભ્યોને લોકસભાની ચૂંટણી લડાવવામાં આવે તો ગુજરાતમાં લોકસભાની બેઠકોમાં વધારો થઈ શકે છે. આમ કરવાથી જે તે સભ્ય ધારાસભ્ય મટી જતો નથી, કેમ કે જો તે લોકસભાની ચૂંટણી હારી જાય તો વિધાનસભામાં ચાલુ રહી શકે છે.

સભ્યોની ફેરબદલમાં કોંગ્રેસના સિનિયર નેતા શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયાનો નંબર લાગી શકે છે. આ બન્ને નેતાઓ વિધાનસભામાં ચૂંટાઈને આવી શકે છે. ૨૦૦૨માં શક્તિસિંહ ગોહિલ ભાવનગરથી ચૂંટણી હારી ગયા પછી પાર્ટીએ તેમને અબડાસાની ખાલી પડેલી બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા હતા અને તેઓ ચૂંટણી જીતી ગયા હતા.

આ વખતે કચ્છના માંડવીની બેઠક પરથી શક્તિસિંહ ચૂંટણી લડ્યા હતા પરંતુ ભાજપના ઉમેદવાર સામે હારી ગયા હતા. હવે તેમના માટે ચાન્સ લાગશે પરંતુ તે માટે શક્તિસિંહે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સુધી રાહ જોવી પડશે. આવી જ રીતે પોરબંદરની બેઠક પરથી બીજીવાર હારેલા કોંગ્રેસના સિનિયર નેતા અર્જુન મોઢવાડિયા પણ વિધાનસભામાં પ્રવેશ મેળવી શકે છે.

વિધાનસભાની ચૂંટણી હારી ચૂકેલા નેતાઓને કોંગ્રેસ લોકસભામાં લડાવશે નહીં તે નિશ્ચિત છે તેથી આ બન્ને નેતાઓને લોકસભાની ચૂંટણી પછી વિધાનસભાની ચૂંટણી જીતવા માટેનો એક ચાન્સ આપવામાં આવી શકે છે.

બીજી તરફ ભાજપમાંથી ચૂંટણી હારી ચૂકેલા પાર્ટીના નેતા શંકર ચૌધરીને ફરીથી ચાન્સ મળી શકે છે, પરંતુ તે માટે પાર્ટીના હાઈકમાન્ડે ચૂંટાયેલા કોઈ ધારાસભ્યને લોકસભાની બેઠકના ઉમેદવાર બનાવવા પડે. શંકર ચૌધરીની સરકારમાં જરૂર છે તેથી પાર્ટી કોઈને કોઈ રસ્તો કરશે તેમ માનવામાં આવે છે.

આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા અને બોરીજ ગામમાં આર.સી.સી. રોડ બનાવવા અંગેના ટેન્ડરને મંજૂરી આપવાની કામગીરી આજે મળનારી મનપાની સ્થાયી સમિતિમાં લેવામાં આવશે.

વિધાનસભાની ચૂંટણીઓને પગલે એક મહિના કરતાં પણ વધુ સમય બાદ આજે બપોરે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં પાંચથી વધુ કામો સૂચવવામાં આવ્યા છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અન્વયે મળેલ રૂ. ૧૮ કરોડની ગ્રાન્ટમાંથી વિકાસ કામો આજે સૂચવીને મ્યુનિ. ફાયનાન્સ બોર્ડની મંજુરી માટે મોકલવામાં આવશે.

આજની આ બેઠકમાં ઈન્દ્રોડા અને બોરીજ ગામમાં આર.સી.સી.ના રોડ બનાવવા અંગે જે ટેન્ડર પ્રક્રિયા અગાઉ કરાઈ હતી આ પછી હવે તેને મંજૂરી આપી વર્કઓર્ડર આપવા સહિતની બાબતો અંગે નિર્ણય લેવામાં આવશે. આ ટેન્ડરમાં અંદાજિત રકમ કરતાં પણ નીચુ ટેન્ડર આવવા પામ્યુ છે.

શહેરમાં એકત્ર થયેલા ઘનકચરાના વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટમાં એજન્સીની મુદત વધારવા બાબતે પણ નિર્ણય લેવામાં આવે તેવી પુરી શક્યતાઓ છે. શહેરના સે. ૨૪ તેમજ સે. ૧૩ ખાતે ધોબીઘાટ બનાવવા માટેની કામગીરીને પણ મંજૂરી આપવાની બાબત આજની બેઠકમાં ચર્ચામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

દુઃખદ અવસાન

ધર્મેન્દ્રભાઈ રમણલાલ ભટ્ટના પુત્ર સ્વ. તિર્થનું બેસણું પ્લોટ નં. ૧૭૯/૧, સ્વામિનારાયણ સંકુલ પાસે સે. ૬-બી ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.

જરૂરિયાતમંદોને જૈન સંઘ દ્વારા ધાબળા વિતરણ કરાયું

ગાંધીનગરના સેકટર-૨૪ ખાતેના જૈન દેરાસરમાં બિરાજમાન મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાનના કેવલજ્ઞાન કલ્યાણક નિમિત્તે જૈનં સઘના સભ્યો દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં ખુલ્લા આકાશ નીચે સૂઈ રહેતા શ્રમજીવી વર્ગના જરૂરિયાતમંદોને રાત્રિના સમયે હૂંફ મળી રહે તે હેતુથી ગરમ ધાબળાના વિતરણનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં પાર્શ્વનાથ આસ્થા મંડળ, સે-૨૪ના સભ્યો પણ જોડાયા હતાં.

લીંબડીયા પાસે હાઈમાસ્ક ટાવરના થાંભલે ગાડી ઘુસી ગઈ..!

ડભોડા નજીક લીંબડીયા કેનાલ પાસેથી બેફામ ગતિએ જતી ફોર્ડ આઈકોન ગાડી નં. જીજે ૧ એચ.કયુ. ૪૮૩૦ જબરદસ્ત ટકરાઈ હતી. રસ્તા વચ્ચે ડિવાઈડરની જગ્યાએ મુકેલા હાઈમાસ્ક ટાવરના લોખંડના થાંભલે ધડાકાભેર આ ગાડી ટકરાતા બોનેટ ભાગેથી ગાડીનો ખુડદો બોલી ગયો હતો. આ ઘટનામાં સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી. કારમાં સવાર બે મહિલાઓ ઘાયલ થતા હોસ્પિટલ લઈ જવાઈ હતી. જો કે આ મામલે પોલિસ ફરિયાદ થવા પામી નથી.

જે.બી. પ્રાથમિકના વિદ્યાર્થીઓ દ્વારા ખેતરની શૈક્ષણિક મુલાકાત

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ-પના ૨૧૦ વિદ્યાર્થીઓ માટે શાળામાંથી મંગળવાર તા. ૧૯-૧૨-૨૦૧૭ના રોજ શકિત ફાર્મની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખેડૂતો સાથે ખેતી વિષયક બાબતો જેવી કે ખેતીના ઓજારો, જમીનનું બંધારણ, જમીનના પ્રકાર, કુદરતિ અને કૃત્રિમ ખાતરના લાભાલાભ અને વિવિધ પાક વિશેની ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી.

શકિત ફાર્મના માલિક શ્રી સતુભા દરબાર દ્વારા ૧૦૦ વિઘાના ખેતરમાં શાકભાજી, ફળફળાદી, કઠોળ અને અન્ય ધાન્ય પાક વિશેની ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સુંદર રમણીય પ્રાકૃતિક વાતાવરણમાં એક દિવસ પસાર કરવાનો અને અલ્પાહાર સાથે માર્ગદર્શન મેળવવામાં ખૂબ જ આનંદ પ્રાપ્ત થયો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલ તથા શાળા પરિવારે શ્રી સતુભા દરબાર તથા તેમના પરિવારનો ખુબ આભાર વ્યકત કર્યો હતો.

પર્યાવરણને ટકાવીશું તો આપણે ટકીશું

'આપણે પર્યાવરણને ટકાવી રાખીશું તો આપણે ટકીશુ' આ નિર્વિવાદ હકીકતને ધ્યાનમાં રાખીને ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે જીએનએસયુના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાગૃતિ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ડૉ. થોમસ મેથ્યુઝે રિસોર્સ પર્સનની ભૂમિકા નિભાવતા નિઃશુલ્ક સેવાઓ આપી હતી. પર્યાવરણ જાગૃતિ સપ્તાહના કાર્યક્રમાં યુવા વિદ્યાર્થીઓને ઓક્સિજનના વપરાશ, કાર્બન ન્યુટ્રાલિટી, ન્યુક્લિયર પ્રયોગોથી થતુ પર્યાવરણને નુકશાન તથા તેને અટકાવવાના પગલાં સહિતના વિષયે વિસ્તૃત કાયદાકીય માહિતી પુરી પાડવામાં આવી હતી. પર્યાવરણ જાગૃતિ સપ્તાહ કાર્યક્રમના સમાપન પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાપા દ્વારા જીએનએસયુના ડૉ. મેથ્યુઝનો આભાર માનવા સાથે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે 'શુદ્ધ ખોરાક કે શુદ્ધ પાણી વિના અુક્રમે દિવસો અને કલાકો વિતાવી શકાય પરંતુ શુદ્ધ હવા વિના મિનિટો પણ પસાર કરી શકાતી નથી. માટે પર્યાવરણનું જતન કરવું અત્યંત જરૂરી છે.

ગેઝીયા ઈન્ટર સ્પોર્ટસ ટુર્નામેન્ટનો પ્રારંભ

ગાંધીનગર ઈલેકટ્રોનીકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા છેલ્લા ચાર વર્ષથી ગેઝીયા ઈન્ટર સ્પોર્ટસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. એસ્ટેટના ઔદ્યોગિક એકમો માટે ખાસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ક્રિકેટ તથા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. આજે ગેઝીયાના અધિકારીઓની ઉપસ્થિતિમાં ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. આ ટુર્નામેન્ટમાં ક્રિકેટમાં ૪૦ અને વોલીબોલમાં ૬ ટીમો ભાગ લઈ રહી છે. આજથી શરુ થયેલી ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા. ૧૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ યોજાશે. ટુર્નામેન્ટનું ઉદઘાટન ગેઝીયા પ્રમુખ સમીર ત્રિવેદી, ઉપપ્રમુખ ચાણકય પટેલ, સેક્રેટરી નીતેશ પટેલે કર્યું હતું તથા અન્ય કારોબારી સભ્યોએ પણ હાજરી રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. ગેઝીયા દ્વારા કર્મચારીઓ એકબીજાથી પરિચીત બને મિત્રતા કેળવાય અને પ્રેમભાવ વધે તેવા ઉદ્દેશ્યથી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે.

શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ૨૪મીએ વડીલોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૦

શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગર દ્વારા વરિષ્ઠ વડીલોને સન્માનવા માટે હિરક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા તા. ૨૪-૧૨-૨૦૧૭ના રવિવારના રોજ સાંજે ૩.૦૦ કલાકે ખિમજી વિસરામ હોલ કડી કેમ્પસ, સેકટર-૨૩-ગાંધીનગર ખાતે વરિષ્ઠ વડીલોને સન્માનવાનો કાર્યક્રમ અમૃત મહોત્સવ યોજાશે. જેમાં સંસ્થા પરિવારના વડીલો કે જેમણે ડિસેમ્બર ૨૦૧૭માં ૭૫ વર્ષ પુરા કર્યા હોય તેવા ૧૭૭ વરિષ્ઠ વડિલોનું સન્માન કરવામાં આવશે. તેમાં સંસ્થા પરિવારના સભ્યોને ખાસ ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ સંસ્થાના પ્રવરમંત્રી રમણલાલ એમ. શ્રીમાળી દ્વારા આપવામાં આવ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ